દિવાળીના તહેવારોમાં શહેરને રંગબેરંગી રોશનીથી શણગારાયુ



શહેરના 18 ટ્રાફિક સર્કલો પૈકી કાલા ઘોડા સર્કલ, બુલ સર્કલ, પેવેલીયન સર્કલ, ભગતસિંહ સર્કલથી રાજમહેલ ગેટ, કીર્તિ સ્તંભ, ફતેગંજ સર્કલ, છાણી જકાતનાકા સર્કલ, ગાંધી નગરગૃહ સર્કલ, એરપોર્ટ સર્કલ, એલ એન્ડ ટી સર્કલ-રાત્રી બજાર, યોગ નિકેતન સર્કલ, ફતેગંજ, ગાય સર્કલથી યોગ સર્કલ, ચકલી સર્કલ, તુલસીધામ સર્કલ, સુશેન સર્કલ, ગેંડા સર્કલ, સયાજી હોસ્પીટલ પાસે, જેલ રોડ, ખિસ્કોલી સર્કલને શણગારવામાં આવ્યું છે. બુલ સર્કલથી કાલાઘોડા સર્કલ, જેલ રોડ, દુમાડ ક્રોસ રોડ, અમિતનગર બ્રીજથી એરપોર્ટ સર્કલ, એલ એન્ડ ટી સર્કલથી અમિતનગર બ્રીજ, શ્રેયસ સ્કુલથી જ્યુપીટર ક્રોસ રોડ, માંડવી ગેટથી લહેરીપુરા ગેટ પણ શોભી ઉઠ્યો છે. કાલાઘોડા બ્રીજ, અકોટા દાંડિયા બજાર બ્રીજ (સોલર પેનલ નીચે), ફતેગંજ બ્રીજ એન્ટ્રીગેટ પણ ગેટ લાઇટિંગ, અમિતનગર બ્રીજ (પોલ ઉપર), પંડયા બ્રીજ (પોલ ઉપર), અટલ બ્રીજ એક્ઝિટ અને એન્ટ્રી પર ગેટ લાઇટિંગ તેમજ મનિષા સર્કલ બ્રીજ નીચેથી ગેંડા સર્કલ સુધી ફ્લાવર ડેકોરેશન લાઇટીંગથી શણગાર કરવામાં આવ્યો છે.

પોલીસની નિષ્ક્રિયતા સામે એડવોકેટ હિતેષ ગુપ્તા અને વડોદરા નવનિર્માણ સંઘનો આક્રોશ

કોગ્નિજેબલ ગુનામાં પણ પોલીસ તપાસ વિના ફરિયાદ પાલિકાને ટ્રાન્સફર કરાઈ

હરણી તળાવ ભ્રષ્ટાચાર કેસમાં મ્યુનિસિપલ કમિશનરે તપાસનું આશ્વાસન આપ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરાના હરણી તળાવમાં વર્ષ 2015, 2016 અને 2017 દરમિયાન ભ્રષ્ટાચાર થયાની ગંભીર ફરિયાદ નવાપુરા પોલીસ મથકમાં નોંધાઈ હતી. જો કે, આ ફરિયાદ પર કોઈ પોલીસ તપાસ હાથ ધરવામાં આવી નથી. એડવોકેટ હિતેષ ગુપ્તાએ જણાવ્યું હતું કે, નવાપુરા પોલીસ મથકે પુરાવા સાથે આપવામાં આવેલી આ ફરિયાદ વડોદરા મહાનગરપાલિકાને ટ્રાન્સફર કરી દીધી છે. તેમણે કહ્યું કે, આ પ્રકારનો કોગ્નિજેબલ ગુનો હોવા છતાં પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી અને ફરિયાદીને નિવેદન નોંધવા માટે પણ બોલાવવામાં આવ્યા નહોતા. હિતેષ ગુપ્તાએ જણાવ્યું હતું કે, ફરિયાદ સીધા કોર્પોરેશનને મોકલી દેવાનો અર્થ એ છે કે, પોલીસ પોતાની ફરજ પરથી પલાયન કરી રહી છે. પોલીસને ફોજદારી ગુનાની તપાસ કરવાની ફરજ છે, પરંતુ અહીં કોર્પોરેશનને તપાસ માટે મોકલવામાં આવી છે, જે કાયદાકીય રીતે યોગ્ય નથી. આ મુદ્દે આજે એડવોકેટ હિતેષ ગુપ્તા તથા નવનિર્માણ સંઘના આગેવાનો વડોદરા મ્યુનિસિપલ કમિશનરને મળ્યા હતા. તેમણે રજૂઆત કરી હતી કે, ફરિયાદમાં ઉલ્લેખિત પુરાવા તપાસ માટે પૂરતા છે અને જો યોગ્ય તપાસ કરવામાં આવે તો ભ્રષ્ટાચાર બહાર આવી શકે છે.

રજૂઆત બાદ મ્યુનિસિપલ કમિશનરે મામલાની વિગત જાણી અને યોગ્ય તપાસ કરવાની ખાતરી આપી હતી. રજૂઆતમાં જણાવાયેલા મુદ્દાઓને તપાસી જો જરૂરી જણાશે તો સંબંધિત વિભાગ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે એવું આશ્વાસન આપ્યું હતું. એડવોકેટ હિતેષ ગુપ્તા અને નવનિર્માણ સંઘના આગેવાનોએ જણાવ્યું કે, જો આગામી દિવસોમાં પણ કાર્યવાહી નહીં થાય તો તેઓ ઉચ્ચ સ્તરે ફરિયાદ કરશે અને આ મામલે કાયદાકીય લડત લડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શનિવારે હરણી બોટકાંડને 21 મહિના પુરા થયા તેમ છતાં હજુ સુધી મૃતકના પરિવારજનોને ન્યાય મળ્યો નથી. આજે પણ મૃતકના પરિવારજનો ન્યાય માટે લડત કરી રહ્યા છે. તેઓ ઈચ્છી રહ્યા છે કે, જો તેમને ન્યાય મળશે તો ભવિષ્યમાં આવી ઘટનાઓ બનતા અટકશે.

આજવા રોડના ટ્રાન્સપોર્ટરે ભાડે ફેરવવા આપેલી ટ્રક પરત નહી આપી ઠગાઈ

વારંવાર ભાડાની પણ માગણી કરવાં છતાં ઠગ આપતો નથી

ટ્રક માલિકે ઠગ અશ્વિન પટેલ વિરુદ્ધ ઠગાઇની ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.18

આજવા રોડ પર કમલાનગર તળાવ પાસેની સોસાયટીમાં રહેતા ટ્રાન્સપોર્ટરે રૂપિયા 25 હજાર ભાડાથી એક ટ્રક ફેરવવા આપી હતી. જેનું એક મહિનાનું ભાડુ ચુકવ્યુ હતુ પરંતુ ત્યારબાદ રૂપિયા આપવાનું બંધ કરી દેતા માલિકે ટ્રક અને ભાડાની માગણી કરવા છતાં ઠગ આપતો ન હોય તેના વિરુદ્ધ ટ્રાન્સપોર્ટરે ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના આજવા રોડ પર કમલાનગર તળાવ પાસે આવેલા લકુલેશ વિભાગ -1માં રહેતા અરવિંદકુમાર શ્યામલાલ પાસવાન ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરે છે. દરમિયાન ગત 31 જાન્યુઆરીના રોજ મકરપુરા જીઆઈડીસીમાં જ્યુપીટર પાસે આવેલા અંબાજીનગરમાં રહેતા અશ્વિનકુમાર પરષોતમ પટેલ સાથે તરસાલી બ્રિજથી કપુરાઇ જવાના જવા રોડ ની બુજામાં આવેલા એચપી પેટ્રોલ પંપ પર મુલાકાત થઈ હતી. ત્યારે તેણે અરવિંદ પાસવાનને અશ્વિન પટેલે ટ્રક ભાડા પેટે જોઈએ છે તેવી વાત કરી હતી અને ત્યારે અરવિંદ પાસવાને ભાડે આપવા હા પાડીને ભાડા કરાર કર્યો હતો.

ત્યારબાદ ટ્રક ભાડા ફેરવવા માટે લઈ ગયો હતો અને ટ્રકનું ભાડુ રૂપિયા 20 હજાર ઓનલાઈન ટ્રાન્સફર પણ કરી દીધુ હતું. પરંત ત્યારબાદ અન્ય મહિને ભાડું આપવામાં આ અશ્વિન પટેલ દ્વારા ગલ્લા તલ્લા શરૂ કરાયં હતા. વારંવાર ભાડુ તથા ટ્રક પરત આપવા માટે માલિક માગણી કરતા હોવા છતાં અશ્વિન પટેલ નહી આપીને વાયદા બતાવ્યાં કરતો હતો. જેથી ભાડુ અને ટ્રક પરત નહી આપતા ટ્રક માલિકે ઠગ અશ્વિન પટેલ વિરુદ્ધ ઠગાઈની ફરિયાદ નોંધાવી છે.

લગ્ના ચાર મહિનામાં સાસરીયાએ પરિણીતા પર ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું

'તું મને ગમતી નથી છૂટાછેડા આપી દઈશ' કહી પતિ દ્વારા પત્નીની મારઝૂડ

દહેજ પેટે ૩.25 લાખની માગણી કરતી શારીરીક અને માનસિક ત્રાસ આપતા હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.18

તાંદલજા વિસ્તારમાં રહેતી પરીણીતાના લગ્નના ત્રણચાર મહિના પતિ સહિતના સાસરીયાઓ દ્વારા નાની નાની બાબતોમાં મ્હેણા ટોણા મારી ઝઘડા કરવાનું શરૂ કર્યું હતું. જેમાં પતિ તુ મને ગમતી નથી તારી સાથે મારે ઘરસંસાસ કરવો નથી. તુ મને છુટાછેડા આપી મને તને ઘરમાં રાખવી નથી તેમ કહી મારઝૂડ કરતો હતો.પતિ સહિતના સાસરીયાઓએ મકાનના રૂપિયા 25 લાખ દહેજ પેટે માંગી પરીણીતા પર શારીરિક માનસિક ત્રાસ ગુજારતા હોય તેણીએ કંટાળી પોલીસ ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં રહેતી પરીણીતા મહિલો યાસ્મીનબાનુ દિવાને નોંધાવેલી ફરિયાદ મુજબ સમાજના રિતી રિવાજ મુજબ તેના લગ્ન ઈમ્તિયાઝ શા દિવાન સાથે લગ્ન થયા હતા. પરંતુ લગ્નના થોડા સમય બાદ પતિ સહિતના સાસરીયા દ્વારા પરીણીતા પર નાની બાબતો તથા કામ બાબતેના મ્હેણા ટોણા મારીને તેમના ત્રાસ ગુજારવાનું શરૂ કરાયું હતું. તેમ છતાં ઘર સંસાર ના બગડે તેના માટે પરીણીતા દ્વારા પતિ સહિતના સાસરીયાનો શારીરિક માનસિંક ત્રાસ ગુજારતા હોય સહન કરતી હતી. દરમિયાન પરીણીતાને તેમના પતિ તુ મને ગમતી નથી તારી સાથે ઘર સંસાર કરવો નથી, તુ મને છુટાછેડા આપી દે મારે તને ઘરમાં રાખવી નથી તેમ કહીને પત્ની સાથે ઝઘડા કરતો હતો. ત્યારબાદ પરીણીતા ગાળો આપી તેની મારઝૂડ પણ કરતો હતો. જેથી પરીણીતા પતિ ઈમ્તિયાઝ, સાસુ મુમતાઝ દિવાન,સસરા હુસેનશા દિવાન, જેઠ જાવેદશા દિવાન અને જેઠાણી હાલીમાં દિવાન દ્વારા લગ્નના ત્રણ ચાર મહિના દહેજ પેટે મકાનના રૂપિયા 25 લાખની માગણી કરી હેરાન પરેશાન કરવાનું શરૂ કર્યું હતું. જેથી સાસરીયાના ત્રાસથી કંટાળી ગયેલી પરીણીતાએ જે પી રોડ પોલીસ સ્ટેશનમાં પતિ સહિતના સાસરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

શહેર જીપીસીબીની નોટિસની અવગણના કરતી દશરથ ગ્રામ પંચાયત

ઈન્દિરાનગરમાં ડોર ટુ ડોર વેસ્ટ કચરાનો નિકાલ થતા રખડતા ઢોરોનું સામ્રાજ્ય

અગાઉ જીપીસીબીની ટીમે સ્થળ મુલાકાત કરી નિયમોનુસારજ ગામનો કચરો એકઠો કરી નિકાલ કરવા સહિતની સૂચનાઓ આપી હતી

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

વડોદરા શહેર નજીક દશરથ ગામ ખાતે ઈન્દીરા નગર ખાતે ગામનો ડોર ટુ ડોરનો વેસ્ટ કચરો બુલેટ ટ્રેન પ્રોજેકટની પાછળ નાખવામાં આવી રહ્યો છે. જેના કારણે અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય સર્જાયું છે. સાથે રખડતા ઢોરોનો ત્રાસ વધવા માંડ્યો છે. રજૂઆત કરવા છતાં યોગ્ય નિકાલ કરવામાં નહીં આવતા વધુ એક વખત સ્થાનિક રહીશ દ્વારા જીપીસીબીમાં રજૂઆત કરવામાં આવી છે.

વડોદરા શહેર નજીક આવેલ દશરથ ગામ ખાતે ગ્રામ પંચાયત દ્વારા સમગ્ર ગામનો કચરો ઠાલવી દઈ પર્યાવરણને નુકસાન કરવામાં આવતા વધુ એક વખત વિસ્તારના સ્થાનિક રહીશ હિતેન મકવાણા દ્વારા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાં ફરિયાદ કરવામાં આવી છે. આ પહેલા પણ સમગ્ર ગામનો દોરતો દૂરનો વેસ્ટ કચરો ઈન્દિરા નગર બુલેટ ટ્રેન પ્રોજેક્ટની પાછળ એક કંપનીની સામે નાખવામાં આવતા અને તેનો યોગ્ય રીતે નિકાલ કરવામાં નહીં આવતા ફરિયાદ કરવામાં આવી હતી. જે બાદ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધિકારીઓની ટીમ દ્વારા સર્વે કરી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીને એમએસડબલ્યુ રૂલ 2016 તથા એમેડમેન્ડના આધારે નિયમોનુસાર જ ગામનો કચરો એકઠો કરી નિકાલ કરવો અને ભવિષ્યમાં આ પ્રકારે કચરો સળગાવવાની ઘટના ન બને તેની તકેદારી રાખવા સૂચના આપવામાં આવી હતી. સાથે જ ગામનો કચરો ડમ્પિંગ સાઈટ ઉપર નાખવામાં આવે છે, તે જમીનના દસ્તાવેજી પુરાવાઓ તથા આ જમીનનો ઉપયોગ ડમ્પીંગ સાઈડ તરીકે કરવામાં આવે છે. તેવા દસ્તાવેજી પુરાવા અને એમએસડબલ્યુ રુલ 2016 તથા એમેડમેન્ડનું ચુસ્તપણે પાલન કરવું અને આ કચરાનો અંતિમ નિકાલ કઈ રીતે કરવામાં આવે છે, તેની વિગતવાર માહિતીઓ રજૂ કરવા જણાવ્યું હતું. જોકે તે બાદ જાણે પંચાયતના મહાનુભાવો જીપીસીબીના નિયમોને ઘોળીને પી ગયા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે, ફરીથી એજ જગ્યા પર વેસ્ટ કચરો નાખવામાં આવી રહ્યો છે. જેના કારણે ગંદકીનું સામ્રાજ્ય અને વાતાવરણ પ્રદૂષિત થયું છે. આ મામલે તલાટીને વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં પરિસ્થિતિ યથાવત રહેતા વધુ એક વખત જીપીસીબીને ફરિયાદ કરાઈ હતી.

વડોદરા શહેરથી લઈને છોટાઉદેપુર સુધી ગેસ નેટવર્કનો વિસ્તાર આવરી લેવાયો

વડોદરા ગેસ લિમિટેડે 11 વર્ષમાં 4200 કિ.મી. ગેસલાઈનનું નેટવર્ક ઊભું કર્યું

છેલ્લા 3 વર્ષમાં 80 હજાર ઘરેલું, 119 વ્યાવસાયિક અને 29 ઔદ્યોગિક જોડાણો, કુલ 53 CNG સ્ટેશન કાર્યરત

વડોદરા, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગેઈલ ઈન્ડિયા લિમિટેડના સંયુક્ત સાહસ વડોદરા ગેસ લિમિટેડ (VGL) એ છેલ્લા 11 વર્ષમાં ગેસ પુરવઠાના નેટવર્કમાં નોંધપાત્ર વધારો કર્યો છે. વર્ષ 2013માં સ્થાપિત થયેલી કંપનીએ અત્યાર સુધીમાં કુલ 5000 કિલોમીટર લંબાઈની ગેસલાઈન બિછાવી છે. 2014માં ફક્ત 9 CNG સ્ટેશન અને 800 કિ.મી.ની લાઈન હતી, જ્યારે હવે 53 CNG સ્ટેશન અને 4200 કિ.મી. નું નવું નેટવર્ક ઉમેરીને વિસ્તરણ કરવામાં આવ્યું છે. શરૂઆતના સમયમાં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના ગેસ વિભાગ પાસે માત્ર 72 હજાર ઘરેલું અને 1500 વ્યવસાયિક જોડાણો હતા. સંયુક્ત સાહસ પછી વડોદરા ગેસ લિમિટેડે ગેસ નેટવર્કમાં ઝડપી વૃદ્ધિ કરી છે. હાલમાં 2,79,519 ઘરેલું, 2,970 વ્યવસાયિક અને 84 ઔદ્યોગિક જોડાણો આપીને કુલ નેટવર્ક શહેરથી લઈ વડોદરા જિલ્લો અને છોટાઉદેપુર સુધી વિસ્તર્યું છે. છેલ્લા ત્રણ વર્ષમાં જ વડોદરા ગેસ લિમિટેડે 80,000 ઘરેલું, 119 વ્યવસાયિક અને 29 ઔદ્યોગિક નવા જોડાણો આપ્યા છે. સાથે 13 નવા CNG સ્ટેશન અને 197 કિ.મી. નવી પાઈપલાઈન નાખી છે.

પોર, વાયોડિયા અને આસોજમાં એલએનજી સ્ટેશન કાર્યરત

વડોદરા ગેસ લિમિટેડ દ્વારા પોર નજીક અમદાવાદ-મુંબઈ હાઇવે પર એલએનજી સ્ટેશન સ્થાપિત કરવામાં આવ્યું છે. અહીંથી રોજિંદા 2000 SCM ગેસ પુરવઠો ઘરગથ્થુ, કોમર્શિયલ અને ઔદ્યોગિક ઉપયોગ માટે કરવામાં આવે છે. સીએનજી વાહનો માટે 1200 કિલોગ્રામ પ્રતિદિન અને મોટા વાહનો માટે 1250 કિલોગ્રામ એલએનજી પુરવઠો થાય છે. વાયોડિયા અને આસોજમાં પણ એલએનજી સ્ટેશન કાર્યરત છે, જ્યાં રોજના 11,000 થી 12,500 SCM ગેસ પૂરવઠો થાય છે. આગામી સમયમાં ડભોઈ, કરજણ અને છોટાઉદેપુરમાં પણ એલએનજી સ્ટેશન સ્થાપિત કરવાનો લક્ષ્યાંક છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં VGLએ ઝડપી પ્રગતિ કરી છે. આવતા એક વર્ષમાં 1,00,000 SCM વોલ્યુમનું વેચાણ અને 2,00,000 SCM પ્રતિદિન પીએનજી સેલના એક્સપાન્શનનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

જૂની લાઇનો બદલીને પ્રેશર સુધારાશે

જૂના શહેરના વિસ્તારો જેમ કે બગીખાના, નવાપુરા, માંજલપુર, મકરપુરા, નિઝામપુરા અને મહેતાપોળ વિસ્તારોમાં જૂની લાઇનો બદલીને નવી લાઇનો નાખવામાં આવી છે. રાવપુરા, માંડવી, ફતેગંજ, પ્રતાપગંજ, ઈલોરાપાર્ક, પાણીગેટ અને વાડી વિસ્તારોમાં પણ નવું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. કુલ 30,000 જૂના જોડાણો બદલી નાખવામાં આવ્યા છે.

જરોદથી પાદરા સુધી વીજીએલની ગેસ લાઈન બિછાવવાની કામગીરી પુરજોશમાં

જરોદ, સાવલી, મંજુસર, નંદેસરી અને પાદરા વિસ્તારોમાં ગેસ પાઈપલાઈન બિછાવવાનું કામ પુરજોશમાં છે. ડભોઈ, કરજણ, પોર અને છોટાઉદેપુરમાં પણ પાઈપલાઈન નાખવાની પ્રક્રિયા શરૂ છે. વરસાદી દિવસોમાં પણ વીજીએલની કામગીરી અટક્યા વિના ચાલુ રહી છે.

ગ્રાહકો માટે ઓનલાઈન સુવિધાઓ

વડોદરા ગેસ લિમિટેડે ગ્રાહકો માટે ઓનલાઈન અરજી અને બિલ ચુકવણીની સુવિધા શરૂ કરી છે.
નવી કનેક્શન માટે અરજી અને બિલ પેમેન્ટ માટે https://customer.vgl.co.in/customer-form લિંક પરથી સેવા ઉપલબ્ધ છે. હવે ગ્રાહકોને ઓફિસ સુધી જવાનું રહેતું નથી, ઘરે બેઠાં જ તમામ પ્રક્રિયા કરી શકે છે.

VGLની બાકી વસુલાત માટે કડક કાર્યવાહી શરૂ કરાશે

વીજીએલ દ્વારા બાકી રહેલી રકમ વસુલવા માટે કડક પગલાં લેવાશે. દરેક વિસ્તાર માટે અલગ એજન્સી હાયર કરીને પોલીસ બંદોબસ્ત હેઠળ વસુલાત હાથ ધરાશે. નિષ્કાળજી દાખવનાર ગ્રાહકો સામે કાયદાકીય કાર્યવાહી પણ કરવામાં આવશે.

નવી યોજનાઓ અને સુવિધાઓ

- **25,000 નવા ઘરગથ્થુ જોડાણો:** ચાલુ વર્ષમાં નવા 25,000 ઘરેલું કનેક્શન આપવા માટે કામગીરી શરૂ છે.
- **ગ્રાહક ફરિયાદ નિવારણ પ્લેટફોર્મ:** ગ્રાહકોના પ્રશ્નો ઉકેલવા માટે નવું પ્લેટફોર્મ શરૂ થશે.
- **ઑનલાઈન ચેટબોટ:** ટૂંક સમયમાં ગ્રાહકો માટે ઓનલાઈન ચેટબોટ સુવિધા શરૂ થશે.
- **મેંટેનન્સ વાહનોની સંખ્યા વધારાશે:** હાલની 10 ગાડીઓની જગ્યાએ કુલ 25 ગાડીઓથી 24x7 મેઈન્ટેનન્સ સેવા આપવામાં આવશે.

ઈમરજન્સી નંબર

24x7 હેલ્પલાઈન
0265-2344618 / 0265-2580610

મોબાઇલ
+91 63594 95500, +91 90999 57132

ટોલ ફ્રી : **1800 233 6048**

14 વર્ષીય સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ ગુજારનાર આરોપી જેલ ભેગો

યુવકે સગીરાને અમદાવાદ ખાતે લઇને રહેતો હોય પોલીસે દબોચ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.17

મકરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી 14 વર્ષીય સગીરાનું અપહરણ કર્યાં બાદ તેને અમદાવાદ ખાતે રાખી હતી. આ સમયગાળા દરમિયાન સગીરા પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. પાણીગેટ પોલીસે દુષ્કર્મની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરતા મેજિસ્ટ્રેટ દ્વારા ઓરીપને સેન્ટ્રલ જેલમાં મોકલી આપ્યો છે.

મકરપુરા પોલીસ વિસ્તારમાં રહેતી 14 વર્ષીય સગીરાને સોશિયલ મીડિયાન માધ્યમથી યાજ્ઞિક રાઠોડના નામના યુવકના સંપર્કમાં આવી હતી. બંનેએ એક બીજાના મોબાઈલ નંબરની આપ લે કરી લીધી હતી. ત્યારે સતત ફોન તથા મેસેજથી સંપર્કમાં રહેતા હતા ત્યારે મિકનિકનું કામ કરતા આ યુવકે સગીરાને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી ભગાડી ગયો હતો. પોલીસને જાણ કરતા પોલીસની ટીમે અલગ અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી ત્યારે આ સગીરાને ભગાડી ને અમદાવાદ ખાતે રહેતો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી પોલીસે અમદાવાદ પોલીસને સંપર્ક કરીને બંને ઝડપી પાડવામાં આવ્યાં હતા. મકરપુરા પોલીસની એક ટીમ અમદાવાદ ખાતે રવાના થઈ હતી અને સગીરા તથા આરોપી યાજ્ઞિક રાઠોડ મકરપુરા પોલીસ સ્ટેશનમાં લઈ આવી બંને મેડિકલ કરાવવામાં આવ્યાં હતા. દરમિયાન મકરપુરા પોલીસ સ્ટેશનના સેકન્ડ પીઆઈ જી ડી રાજપુત દ્વારા સગીરાની પુછપરછ કરતા તેણીએ છ મહિનાથી યુવક સાથે પ્રેમ સંબંધ હતો અને તે તેને ભગાડી અમદાવાદ ખાતે લઈ ગયો હતો ત્યાં તેની સાથે વારંવાર શરીર સંબંધ બાંધ્યાં હતા. જેથી પોલીસે આરોપી વિરુદ્ધ દુષ્કર્મ ગુજારનાર આરોપી યાજ્ઞિર રાઠોડની ધરપકડ કરી લીધી હતી. શનિવારના રોજ કોર્ટમાં રજૂ કરાતા મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો છે.

લહેરીપુરા પોલીસ ચોકીના ગેટ પાસે મહિલાઓ વચ્ચે 'દંગલ'

ઝઘડામાં એક મહિલા પોલીસ કર્મચારી હોવાની ચર્ચા: ચોકીમાંથી દોડી આવેલા પોલીસે મામલો થાળે પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરના ભરચક ગણાતા વિસ્તારમાં આવેલા લહેરીપુરા પોલીસ ચોકીના ગેટ પાસે જ જાહેર માર્ગ પર બે મહિલાઓ વચ્ચે થયેલી ઝપાઝપીના દ્રશ્યોએ ચકચાર જગાવી છે. બજાર વચ્ચે જ બંને મહિલાઓએ એકબીજા પર છૂટા હાથની મારામારી કરી હતી, જેના કારણે ઘટનાસ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મારામારીમાં સંડોવાયેલી બે મહિલાઓમાંથી એક મહિલા પોલીસ કર્મચારી હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના પોલીસ ચોકીના ગેટ પાસે જ બની હોવાથી ચોકીમાં હાજર પોલીસ કર્મચારીઓનું તુરંત ધ્યાન ગયું હતું.

પોલીસ કર્મચારીઓએ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈને બંને ઝઘડતી મહિલાઓને છૂટી પાડી હતી અને મામલો થાળે પાડ્યો હતો. જોકે, આ સમગ્ર ઘટનાનો વીડિયો કોઈએ પોતાના મોબાઈલમાં ઉતારી લીધો હતો અને તે સોશિયલ મીડિયામાં વાયરલ થતાં શહેરભરમાં ચર્ચાનો વિષય બન્યો છે.